ABVPનો સરકાર સામે મોરચો યથાવત:જીસીએએસની પ્રવેશ પ્રક્રિયા સહિત અન્ય મુદ્દે આજે તાળાબંધીની ચીમકી

નર્મદ યુનિ. ઉપરાંત અમદાવાદ, રાજકોટ, વડોદરા, આણંદ અને પાટણ યુનિ.માં વિરોધ પ્રદર્શન સાથે તાળાબંધીનો કાર્યક્રમ

સુરત, તા.૨૩ ધ ગુજરાત કોમન એડમિશન સર્વિસ (જીસીએએસ) પોર્ટલ પરથી હાલમાં રાજ્યમાં સરકારી યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. પરંતુ પોર્ટલને લઈને અનેક સમસ્યાઓ સામે આવી રહી છે. ઉપરાંત વિદ્યાર્થીઓની સમસ્યાને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આવતીકાલે યુનિવર્સિટીઓમાં તાળાબંધી અને સમગ્ર રાજ્યમાં વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. તાળાબંધી અમદાવાદ,સુરત,રાજકોટ,વડોદરા, આણંદ, અને પાટણ યુનિ.માં પણ કરવામાં આવશે.

જીસીએએસ દ્વારા શરૂ કરવામાં આવેલ પ્રવેશ પ્રક્રિયાના પહેલા રાઉન્ડમાં અનેક ભૂલો કરી હતી. ઉપરાંત ખાનગી કોલેજો દ્વારા પ્રવેશ પ્રક્રિયામાં મનમાની કરવામાં આવી રહી છે. જેને લઈને વિદ્યાર્થીઓ પરેશાન થઈ રહ્યા છે. આ ઉપરાંત સ્થાનિક લેવલે રજૂઆતોનું પણ કોઈ નિરાકણ આવ્યું નથી. જેથી એબીવીપી મેદાનમાં આવી છે. એબીવીપી દ્વારા આવતીકાલે સમગ્ર રાજ્યમાં વિરોધ પ્રદર્શનની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે સરકારી યુનિ.માં એક કલાક માટે તાળાબંધી કરવાની પણ જાહેરાત પણ કરવામાં આવી છે. નર્મદ યુનિ. ની વાત કરીએ તો બપોરે એક કલાકે વિદ્યાર્થી પરિષદ દ્વારા તાળાબંધી કરવામાં આવશે અને યુનિ.ના મુખ્ય માર્ગને રોકી વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

ઉધનામાં કાપડના કારખાનેદારને ધમકાવી હપ્તા વસુલતો માથાભારે અમન શર્મા પોલીસ હવાલાતમાં

સુરત: ખાતા ચલાના હે તો હપતા દેના પડેગા તેમ કહીને ઉધનાના રણછોડનગરમાં કાપડના કારખાનાના માલિકો પાસેથી ચપ્પુની અણીએ રૂપિયા ખંખેરી લેનાર માથાભારે અમન શર્માને ઉધના પોલીસે ઝડપી લીધો છે.તે ગુગલ પે થી રૂપિયા લેતો હતો. તેણે એક વેપારી પાસેથી ટુકડે ટુકડે રૂ.૨૦ હજાર કઢાવી લીધા હતા.

ઉધના પોલીસને એવી માહિતી મળી હતી કે ઉધનાના વાજપાઈ નગરમાં રહતો અમન પ્રભાકર શર્મા ઉધના વિસ્તારમાં અને રણછોડ નગરમાં આવેલા કાપડના કારખાનામાં જઈને કારખાનું ચલવનારને ચપ્પુની અણીએ ધમકાવીને રૂપિયા પડાવી લે છે.જેને આધારે પોલીસે ઉધના બી.આર.સી.પાસે વોચ ગોઠવીને અમન શર્માને ઝડપી લીધો હતો. છેલ્લા ઘણા સમયથી અમન શર્મા રણછોડ નગર વિસ્તારમાં આવેલા કારખાનામાં ફરીને ખાતા ચલાના હે તો હમા દેના પડેગા તેવી ધમકી આપીને રૂપિયા ઉઘરાવતો હતો. અને ઘણી જગ્યાએ તો અમન શર્માએ ગુગલ પે થી પોતાના ખાતામાં રૂપિયા લીધા હતા.એક વેપારી અજય ભગવાન ગજ્જર જેનું કારખાનું રણછોડ નગર ઉધના રામકૃષ્ણ સોસાયટી ખાતે આવેલું છે તેની પાસેથી ટુકડે ટુકડે રૂ.૨૦ હજાર પડાવી લીધા હતા.

ગુગલ-પેથી હપ્તા વસુલતો હતો, 'ખાતા ચલાના હે તો હપ્તા દેના પડેગા' એવી કારખાના માલિકોને ધમકી આપતો હતો

NDPSના ગુનાનો આરોપી સિવિલ હોસ્પિટલમાંથી ફરાર: બે મિત્રો પોલીસ જાપ્તામાંથી ભગાડી ગયા

સુરત: લીંબાયત પોલીસ સ્ટેશનમા એન.ડી.પી.એસના ગુનામા પકડાયેલા શાહરૂખ ઉર્ફે ચીકની ફેરોજખાન પઠાનને પેટમા દુખાવો થતા સચીનની લાજપોર જેલથી સીવિલ હોસ્પિટલમા તપાસ માટે લાવ્યા હતા.શાહરૂખ પઠાનને ટીફીન આપવાના બહાને બે મિત્રો લોકઅપનુ તાળુ ખોલાવીને અંદર ગયા હતા ત્યારબાદ અચાનક પો.કો. પ્રદિપ મહેશભાઈને ધક્કો મારી ત્રણેય ઈસમો નાસી ગયા હતા.આ અંગે પો.કો. દિપ મહેશભાઈએ ખટોદરા પોલીસ સ્ટેશનમા ત્રણેય ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી.

વરાછાની યુવતીને બદનામ કરવાની ધમકી આપી બળાત્કાર ગુજારનાર યોગેશ ગોહિલની ધરપકડ

સુરત: મૂળ ગીર સોમનાથ તા.ગઢડા ગામ.નાના સમઢીયાળા અને હાલ વરાછા પરિમલ સોસાયટી રહેતો(ઉ.વ.૨૨) યોગેશ મનુ ગોહિલ ફેબ્રુઆરી ૨૦૨૨માં તેની સાથે કોલેજમાં અભ્યાસ કરતી અને હાલમાં ખાનગી કંપનીમાં નોકરી કરતી ૨૨ વર્ષીય યુવતી સાથે મિત્રતા હતી. મિત્રતાનો ગેરલાભ ઉઠાવી યોગેશ ગોહિલે તેણીના બિભત્સ ફોટા પાડી યુવતીને બ્લેકમેલ કરી શારીરિક છેડછાડ કરી પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આવી યુવતીને તેના ઘરે બોલાવી વારંવાર તેની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારી શારીરીક સંબંધો બાંધ્યા હતા.આ અંગે યુવતીએ વરાછા પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે યોગેશ મનુ ગોહિલની ધરપકડ કરી છે.

વરાછાના અજય વાઘેલા નામના યુવકે ટ્યુશને ક્લાસમાં જતી યુવતીને ફસાવી બળાત્કાર ગુજાર્યો

સુરત, તા.૨૩ સરકારી નોકરીની તૈયારી કરવા માટે ટ્યુશન ક્લાસીસમાં જતી ૨૩ વર્ષીય યુવતીને પુણાગામના યુવકે પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાના સપના બતાવ્યા બાદ હોટલમાં લઈ જઈ તેની મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધો બાંધ્યા બાદ લગ્ન કરવાની ના પાડી દીધી હતી. રત્ન કલાકારની ૨૩ વર્ષીય દીકરી સરકારી નોકરીની તૈયારી કરતી હતી.તે માટે તેણીએ ઓગસ્ટ ૨૦૨૩માં ટ્યુશન ક્લાસીસ જોઈન કર્યુ હતું. ક્લાલીસમાં અજય ભુપત વાઘેલા (રહે, સરીતા સોસાયટી કારગીલ ચોક પુણાગામ) પણ આવતો હતો આ દરમ્યાન અજય વાઘેલાએ તેણીને પ્રેમજાળમાં ફસાવી હતી. યુવતીને તેની સાથે લગ્ન કરવાના સપના બતાવી વિશ્વાસમાં લઈ શહેરની અલગ અલગ વિસ્તારોમાં આવેલી ઓયો હોટલમાં લઈ ગયો હતો.અજય વાઘેલાએ યુવતી સાથે અવાર નવાર તેણીના મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધો બાંધ્યા હતા. ત્યારબાદ અજય વાઘેલાએ યુવતીને તેની સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. યુવતીએ અજય ભુપત વાઘેલાની સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી છે.

યુવતી સરકારી નોકરીની તૈયારી કરતી હતી, ટ્યુશન ક્લાસમાં સાથે આવતો અજય લગ્ન કરવાનું વચન આપીને ફરી ગયો

જીએમડીસીના આગોતરા આયોજનને પગલે ચોમાસામાં પણ કોલસાના ભાવ નહીં વધે

સુરત: ચોમાસા દરમિયાન ડાઈંગ મીલોમાં વાપરવામાં આવતા વિદેશી કોલસાની કિંમતોમાં વધારો કરવામાં આવતો હોય છે. પરંતુ આ વખતે ડાઈંગ મીલોની રજૂઆતોને પગલે જીએમડીસી દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવતા આયાતી કોલસાની કિંમતોમાં ભાવ વધારો થાય તો પણ મીલોને તેની અસર થશે નહિ.

પ્રાપ્ત વિગતો અનુસાર, ચોમાસાના જૂન, જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં કોલસાની ખાણો માંથી માઈનિંગ બંધ કરી દેવામાં આવે છે જેના કારણે વિદેશથી અને ખાસ કરીને ઈન્ડોનેશિયાથી આયાત થતા કોલસાના ભાવમાં વધારો થાય છે. સામાન્ય દિવસોમાં કોલસો જે ભાવે મળે છે તેની કિંમત ચોમાસામાં એક થી દોઢ ગણી વધી જાય છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં 400થી વધું ડાઈંગ મીલો કાર્યરત છે. જેમણે ચોમાસામાં કોલસાની વધતી કિંમતોની સમસ્યાનો સામનો કરવો પડે છે. પરંતુ આ વખતે પાંડેસરા પ્રોસેસિંગ એસોસિએશનના પ્રમુખ કમલવિજય તુલસિયાન દ્વારા જીએમડીસી (ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન)ને આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતને ધ્યાનમાં રાખીને જીએમડીસી તડકેશ્વર ખાતે આવેલી કોલસાની ખાણ માંથી ચોમાસાની સિઝન શરૂ થાય તે પહેલા જ 3.21 લાખ ટન કોલસાનું માઈનિંગ કરી રાખવામાં આવ્યું છે. દરમિયાન તડકેશ્વર રોડ ખરાબ હોવાથી કોલસો લેવા માટે જતા ટ્રકોનો વારો 5 થી 8 કલાકે આવતો હતો, પરંતુ જીએમડીસી દ્વારા રોડની વ્યવસ્થા કરી દેવામાં આવતા મિલ માલિકોને સરળતાથી કોલસો મળી રહેશે અને કોલસાનો ભાવ વધારો પણ સહન કરવો નહીં પડે.

મંદીનો માર સહન કરી રહેલા કાપડ ઉદ્યોગને રાહત થશે

સિલ્વાન પ્લાયબોર્ડનો આઈપીઓ આજે ખૂલશે, 28.05 કરોડ એકત્રિત કરશે

અમદાવાદ: પશ્ચિમ બંગાળના હુગલીમાં આવેલી અને પ્લાયવુડ, બ્લોક બોર્ડ અને ફ્લશ ડોર જેવા લાકડાની વિવિધ પ્રોડક્ટ્સના ઉત્પાદનમાં વિશેષતા ધરાવતી સિલ્વાન પ્લાયબોર્ડ લિમિટેડનો આઈપીઓ 24 જૂનના રોજ ખુલશે અને 26 જુને બંધ થશરૂ. 28.05 કરોડના ફ્રેશ ઈશ્યૂમાં રૂ. 10ની ફેસ વેલ્યુ સાથેના 51 લાખ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે, જેની કિંમત રૂ. 55 પ્રતિ શેર છે. ઈશ્યૂમાંથી મળેલી આવકમાંથી પ્લાન્ટ અને મશીનરીની ખરીદી, કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ફાળવવામાં આવશે. અરજી માટે લઘુત્તમ લોટ સાઈઝ 2,000 શેર છે, જેના પગલે અરજી દીઠ રોકાણ રૂ. 1,10,000 જેટલું થાય છે.

એચડીએફસીની વિજિલ આંટી-એન્ડ ઓફ સ્કેમ સેલ અભિયાનને સિલ્વર કાન લાયન્સ એવોર્ડ મળ્યો

અમદાવાદ : ભારતની ટોચની ખાનગી ક્ષેત્રની બેન્ક એચડીએફસી બેન્કના વિજિલ આંટી- એન્ડ ઓફ સ્કેમ સેલ (ઈઓએસએસ) અભિયાને કાન લાયન્સ 2024 ખાતે સિલ્વર એવોર્ડ જીત્યો છે. આ સોશિયલ મીડિયા અભિયાન 28 મિલિયન લોકો સુધી પહોંચ્યું હતું અને 22 મિલિયન લોકોએ નિહાળ્યું હતું. વિજિલ આંટી એ સોશિયલ મીડિયાનું ફિક્શન પાત્ર હતી. જેને એચડીએફસી બેન્ક દ્વારા ડિજિટલ ફ્રોડ અંગે જાગૃત્તિ ફેલાવવા બનાવવામાં આવ્યું છે. આ અભિયાન પ્રતિષ્ઠિત કાન લાયન્સ ખાતે 'ઈવેન્ટ્સ એન્ડ સ્ટન્ટ્સ'ના શ્રેષ્ઠ ઉપયોગ બદલ બિરદાવવામાં આવ્યું હતું.

ભારતમાં વોલેટમાં મુસાફરી અને મનોરંજન સેવા માટે સેમસંગે પેટીએમ સાથે ભાગીદારી કરી

મુંબઈ: કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનીક્સ બ્રાન્ડ સેમસંગ ઈન્ડિયાએ આજે ભારતની અગ્રણી પેમેન્ટ્સ અને નાણાંકીય સેવા વિતરણ કંપની પેટીએમ બ્રાન્ડ ધરાવતી વન97 કોમ્યુનિકેશન્સ લિમીટેડ સાથેની ભાગીદારીમાં સેમસંગ વોલેટ પર ફ્લાઈટ, બસ, મુવી અને ઈવેન્ટ્સ ટિકીટ બુકીંગ્સની સેવા શરૂ કરી છે. આ ભાગીદારીનો હેતુ સેમસંગ વોલેટ મારફતે ઉપભોક્તાઓને સરળ અને સંકલિત બુકીંગ અનુભવ પ્રદાન કરીને તેમની સુગમતામાં વધારો કરવાનો છે, તેમજ રીતે પેટીએમ મારફતે વ્યાપક સેવાઓનો લાભ ઉઠાવવામાં સહાય મળશે. આ ભાગીદારી સાથે, ગેલેક્સી સ્માર્ટફોન યૂઝર્સ હવે પેટીએમની ફ્લાઈટ અને બસ બુકીંગ્સ, મુવી ટિકીટ્સની ખરીદી અને ઈવેન્ટ બુકીંગ્સ સહિતની અસંખ્ય સેવાઓનો લાભ ઉઠાવી શકશે, આ તમામ સેવાઓ સેમસંગ વોલેટ સાથે સંકલિત કરવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

જાયન્ટ્સ ગ્રૂપ ઓફ સચિન વિભાગની ત્રિદિવસીય યોગ શિબિરની પૂર્ણાહુતિ

સુરત: આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે જાયન્ટ્સ ગ્રૂપ દ્વારા ત્રણ દિવસની યોગ શિબિરનું ઉદ્ઘાટન ગિરિરાજસિંહ વાંસિયાના ભાટીયા ખાતેના "રંગાનુરાગ ફાર્મ"માં તારીખ 19-6-2024 ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સચિન તેમજ આજુબાજુના ગામો જેવા કે ભાટિયા,લીંગડ,વક્તાણા,વાંઝ વિ. ના સરપંચો તેમજ યોગ પ્રેમી જનતાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉદ્ઘાટન પ્રસંગે લિંગડ ગામના સરપંચ ગિરીશ, ભાટીયાના સરપંચ રમેશ અને બ્રહ્માકુમારીના દીદી વગેરે હાજર રહ્યા હતા, આ પ્રસંગે સુભાષ રાવલે જાયન્ટસ ગ્રૂપ ઓફ સચિન દ્વારા વર્ષોવર્ષ કરવામાં આવતી વિવિધ સેવાકીય કામગીરીનો અહેવાલ આપ્યો હતો. આ શિબિરમાં યોગ ટીચર તરીકે સંધ્યાબેન પટેલ, દક્ષાબેન રૂપાપરા અને તુષાર કુંભાણીએ નિશુલ્ક સેવાઓ આપી હતી. જાયન્ટ્સ ગ્રુપ ઓફ સચિનના ફાઉન્ડર મેમ્બર્સ ગુણવંત શાહ, રમણ પટેલ, મણીબેન પટેલ, દીપિકા ભાવસાર વગેરેએ સૌનો ઉત્સાહ વધાર્યો હતું. આ પ્રસંગે ગુણવંત શાહે આશીર્વચન આપ્યા હતા. તેમજ જાયન્ટ્સ ગ્રૂપ દ્વારા યોગ ટીચરોને સ્મૃતિભેટ અને પ્રશસ્તિપત્ર તેમજ યોગ શિબિરમાં ભાગ લેનાર સૌને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવારની સભામાં આરોગ્ય વિષયે ચર્ચા

સુરત: સમર્પણ વરિસ્થ નાગરિક પરિવારની સભામાં પ્રમુખ નીરંજન પારેખે સ્વાગત પ્રવચન કર્યું, શંખ ધ્વની, ભરત શાહ અને પ્રાર્થના પંકજ માનજરાવાળાએ કરતા સભાની શરૂ થઈ. સભામાં ડો. મનીષકુમાર સાઈનીએ હાજરી આપી હતી. ,જેમની ઓળખાણ, અભ્યાસ અને અનુભવની વિગત પરેશ ભાટિયાએ આપી હતી. સ્વચ્છતાના સોગંદ ઉપપ્રમુખ શીલા ભૂતવાળાએ લેવડાવ્યા. ડો. મનીષકુમારે સિનિયર સિટીઝનોને થતી હાડકાની બીમારી વિશે વિગતે જાણકારી આપી. ઉપસ્થિત સભ્યોએ પ્રશ્નોત્તરી કરી પોતાની અને સામાન્ય સમસ્યાનું નિરાકરણ ડો.મનીષકુમાર પાસેથી મેળવ્યું. સહાયક તરીકે આશિષ મહેતા અને વિશાખાએ સેવા આપી હતી. સભાનું સંચાલન મંત્રી વર્ષા ચોખાવાળાએ કર્યું, આભારવિધિ પરેશ ભાટિયાએ કરી હતી.

-:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને તથા લાગતાં વળગતાં તમામને જણાવવાનું કે ઉપરોક્ત ફોટાવાળી વ્યક્તિ ધર્મેશ જયસુખભાઈ પોકીયા, ઉ.આ.વ.૩૦ કે જે મારા અસીલ જયસુખભાઈ વી. પોકીયાનો પુત્ર થાય છે. જે છેલ્લા ઘણા સમયથી મારા અસીલના કહ્યામાં નથી. આથી મારા અસીલના પુત્ર ધર્મેશ સાથે કોઇએ પણ કોઇપણ પ્રકારનો વહિવટ કરવો કે કરાવવો નહિ અને તેમ છતાં કરવામાં આવશે તો તે અંગેની તમામ જવાબદારી જે તે વ્યક્તિની પોતાની રહેશે તે માટે મારા અસીલની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહિ જેની તમામે નોંધ લેવી.

લી. જયસુખભાઇ વી. પોકીયા

મારી મારફત રાજેશ એચ.જોળીયા (એડવોકેટ & નોટરી)

૧૭૨, ભરતનગર સોસાયટી, બીજા માળે, લં.હ.રોડ, સુરત. મો.૯૨૨૮૫-૮૮૮૧૨

જાહેર નોટીસ એન.એન.ચાંપાનેરીઆ, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સોનગઢની કોર્ટમાં

અરજદાર : રચિતાબેન ગોમાભાઈ ગામીત — કેસ નં.૨૨૯/૨૦૨૪

રહે.: બોકડકુદા ફળીયુ, આમલી — વિરુધ્ધ

સામાવાળા: રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ અને ત.ક.મંત્રીશ્રી ગ્રામ પંચાયત આમલી, રહે.ગ્રામ પંચાયત આમલી

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, રચિતાબેન ગોમાભાઈ ગામીતનો જન્મ તા.૦૮-૦૬-૧૯૯૬ ના રોજ મોજે. આમલી, તા.સોનગઢ, જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતયુક્તથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી ગ્રામપંચાયત આમલીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી ગ્રામ પંચાયત આમલીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજરેલ છે. સદરહું અરજી સામે કોઇને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામપંચાયત આમલી કચેરી ગ્રામ પંચાયત આમલી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૨૪/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો — હુકમથી (એન.એન. ચાંપાનેરીઆ) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સોનગઢ, જિ.તાપી

જાહેર નોટીસ/ સમન્સ નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં

અરજદાર : બચુમીયા ઉંમરમીયા શેખ — જન્મ મરણ નોંધણી અરજી નં.૯૨/૨૦૨૪

રહે.: વાંસદા, ચંપાવાડી, તા.વાંસદા, જિ.નવસારી

વિરુધ્ધ

સામાવાળા: મામલતદારશ્રી, મામલતદાર કચેરી, વાંસદા, તા.વાંસદા, જિ.નવસારી

આ કામના અરજદારશ્રી બચુમીયા ઉંમરમીયા શેખ રહે. વાંસદા, ચંપાવાડી, તા.વાંસદા જી.નવસારીએ તેમના કુટુંબી આઈશાબીબી ગુલામહુશેન શેખનો જન્મ મોજે.વાંસદા, તા.વાંસદા, જી.નવસારી મુકામે તા.૧૨/૧૦/૧૯૫૪ નાં રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલી નહીં હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ/ સમન્સથી જાણ કરવામાં આવે છે કે સદર કામે અરજદારની અરજી સામે કોઇના કોઇ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોય તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઇ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઇ વાધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૦૭/૦૬/૨૦૨૪ સ્થળ: વાંસદા — (ડી.આઇ.પટેલ) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા — કોર્ટનો સિક્કો

જાહેર નોટીસ/ સમન્સ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીની કચેરી, દ્વારકા

વાદી : શ્રી અશોકભાઈ ઉર્ફે હસમુખભાઈ નારણભાઈ પટેલ — નં.મેજી/વશી/૨૯૦/રજી.નં.૪૩/૨૦૨૪ તા.૨૦/૦૬/૨૦૨૪

રહે.: સિણધઈ, તા.વાંસદા, જી.નવસારી તા.દ્વારકા, જી.દેવભૂમિ દ્વારકા

વિરુધ્ધ

પ્રતિવાદી : રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી, ચીફ ઓફિસરશ્રી, ઓખા, તા.દ્વારકા

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપર્યુક્ત અરજદારે તેઓના પિતાશ્રી નારણભાઈ લાછાભાઈ પટેલનું તા.૧૦/૦૯/૨૦૧૦ના રોજ દ્વારકા તાલુકાના ઓખા મુકામે મરણ થયેલ હોય, જે તે સ્થળનાં જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં કરી આપવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અંગે કોઈને વાંધો, તકરાર કે કોઈ રજુઆત કરવાની હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન દ્વારકા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં વાંધો તકરાર રજુ કરશો. જો કોઈ વાંધો કે તકરાર રજુ ન થાય તો આગળની યોગ્ય ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા.૨૦મી જુન-૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કા કરીને આપ્યું. કોર્ટનો સિક્કો — (એચ.બી. ભગોરા) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારકા

યૂનિયન બૈંક Union Bank of India — નવસારી લુન્સીકુઈ શાખા : ડી.એન. મહેતા હોસ્પિટલ, જે.એન. ટાટા રોડ, લુન્સીકુઈ, નવસારી-396445.

કબજા નોટીસ (રૂલ 8(1) હેઠળ)

આથી નીચે સહી કરનાર યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, 2002 (54 ઓફ 2002)તથા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 13(12) સહિત રૂલ નં 3 હેઠળ મળેલ સત્તાની રૂએ તા.09-04-2024ના રોજ કરજદાર/જામીનદાર/મોર્ટગેજર નામે શ્રી અંકિત શીરીષચંદ્ર વ્યાસ(કરજદાર અને મોર્ટગેજર),કોકિલાબેન શીરીષચંદ્ર વ્યાસ(સહ-કરજદાર),પ્રીતિ અંકિત વ્યાસ(સહ-કરજદાર),હિરેન રાવજીસોંદરવા(જામીનદાર)ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસમાં પાઠવેલી રકમ રૂા. 3,31,388.66/- (રૂપિયા ત્રણ લાખ એકત્રીસ હજાર ત્રણ સો અઠ્યાસી અને છાસઠ પૈસા પૂરા) વ્યાજ સહિત બાકી રકમ સદરહુ નોટિસ મળ્યાની તારીખથી 60દિવસમાં પરત ચુકવવા જણાવાયું હતું.

કરજદાર/જામીનદાર/મોર્ટગેજર સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ જતા કરજદાર/જામીનદાર/મોર્ટગેજર અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સહી કરનારે સદરહુ ઓર્ડીનન્સ એકટની કલમ 13(4) અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ 2002ના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહીં નીચે જણાવેલી મિલકતનો સાંકેતિક કબજો તા.21-06-2024ના દિને સંભાળી લીધેલ છે.

કરજદાર/જામીનદાર/મોર્ટગેજર અને જાહેર જનતાને આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, તેમણે સદરહુ મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહીં અને કોઈપણ યુનિયન બેંક ઓફ ઈન્ડિયા,નવસારી લુન્સીકુઈ શાખા માટે રૂા. 3,31,388.66/-(રૂપિયા ત્રણ લાખ એકત્રીસ હજાર ત્રણ સો અઠ્યાસી અને છાસઠ પૈસા પૂરા) તા. 31-03-2024 ના રોજ આ એકાઉન્ટમાં ઉપરોક્ત મુજબ ખર્ચ અને વ્યાજ સાથે મળીને વસુલાતને પાત્ર રહેશે.

અહીં કરજદાર/જામીનદાર/મોર્ટગેજરનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે, જણાવેલ સમય મર્યાદામાં સેક્શન 13 ના સબ સેક્શન (8) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

: સ્થાવર મિલકતનું વર્ણન :

તમામ ભાગ અને હિસ્સા સહિત જમીન જેનો રેવન્યુ સર્વે નં. 94 પૈકી, પ્લોટ નં. 59, નગરપાલિકા ઘર નં. 776/0, પ્લોટનું માપ 132.25 ચો.મી., તેના ઉપર બાંધકામ સાથે, મોરાર પાર્ક ખાતે સ્થિત , વોર્ડ નં. 11, નગરપાલિકા ઘર નં. 776/0, વિજલપોર, તા. જલાલપોર, જી. નવસારી. મિલકતના માલિક કોકિલાબેન શીરીષચંદ્ર વ્યાસ, અંકિત શિરીષચંદ્ર વ્યાસ.

તા. 21-06-2024 | સ્થળ : નવસારી, લુન્સીકુઈ — અધિકૃત અધિકારી, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા.

TATA — ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિ.ઓફિસ : ૧૧મા માળે , ટાવર - એ ,પેનીન્સુલા બિઝનેસ પાર્ક ,ગણપતરાવ કદમ માર્ગ , લોઅર પરેલ ,મુંબઈ - ૪૦૦૦૧૩ .

બ્રાન્ચનું સરનામું:ઓફિસ નં.૨૦૮ થી ૨૧૨,બીજા માળે ,ઈકો કુટુર્ડ, ખાડુ શ્યામજી મંદિરની નજીક,ન્યુ સીટી લાઈટ રોડ,સુરત - ૩૯૫૦૦૭

સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ

(સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૬) ની સાથે રૂલ ૯(૧) અંતર્ગત)

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (એકટ) સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૮(૬) ની સાથે રૂલ ૯(૧)અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ - ઓકશન નોટીસ

આથી જાહેરજનતાને અને ખાસ કરીને નીચે જણાવેલા દેવાદાર અને /સહ દેવાદાર અથવા તેમના કાનૂની વારસદારો/પ્રતિનિધિઓ(દેવાદારો) જેમની નીચે જણાવેલ સ્થાવર મિલકત જે ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિ.(ટીસીએચએકએલ) પાસે ગીરો મુકેલ હતી,જેનો વાસ્તવિકકબજો ટીસીએચએકએલના અધિકૃત અધિકારીએ લીધેલ છે ,જેનું વેચાણ **૨૫-૦૭-૨૦૨૪ ના રોજ** ' જેમ છે જ્યાં છે' અને 'જે છે' અને ' જે છે તે છે ' અને ' ગમે ત્યાં હોય'ના ધોરણે નીચે જણાવેલા દેવાદારો અને સહદેવાદારોના બાકી લેણાની વસુલાત માટે કરવામાં આવનાર છે.અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટની જાણકારી નીચે મુજબ છે.આથી નોટીસ આપવામાં આવે છે કે કોઈ પણ સ્થગિતકરવાના/